|| ॐ શ્રી સાઈરામ ||

# || ॐ શ્રી સાઈ સત્યસાઈબાબાય નમઃ || (૧)

શ્રી સત્યસાઈ બાબાને અમારા નમસ્કાર છે.

'સાઈ બાબા' આ નામનો અર્થ છે- સાઈ એટલે માતા અને બાબા એટલે પિતા. એનો અર્થ સ્વામી એ આપણાં બધાના માતાપિતા છે. 'સા' નો અર્થ છે 'દૈવી', એટલે જ સાઈબાબા એ દૈવી માતાપિતા છે. બાળક જ્યારે નાનું હોય છે, ત્યારે તેનું પાલન પોષણ કરવું, સુસંસ્કારિત કરવું, તેનું રક્ષણ કરવું, એ બધું કામ (માતા-પિતા) કરે છે. આજે વિશ્વનાં લાખો ભક્તો સ્વામી તરફ 'ત્વમેવ માતા ચ પિતા ત્વમેવ' ની ભાવનાથી જુએ છે અને સ્વામી એ બધાની સંભાળ કરે છે.

૪ જુલાઈ ૧૯૯૬ ના રોજ ઘટેલી આ ઘટના ઘણું કાંઈ કહી જાય છે. તે દિવસે ભાષણ કરતી વખતે એક વિદ્યાર્થીએ સ્વામીને ' મારી સાઈ માતા ' એમ સંબોધન કર્યું. આગળ તેનાં ભાષણમાં તેણે કહ્યું. ' મને મારી માતા ન મળી પરંતુ તેનાં બદલીમાં હજાર માતાઓનો પ્રેમ મને મળ્યો. '

બધા વિદ્યાર્થીઓના ભાષણ થયા પછી જ્યારે સ્વામી પ્રવચન કરવા ઊભા થયા, ત્યારે તેમણે આ વાક્ય પર પ્રકાશ નાખ્યો. એમણે કહ્યું-'' આ વિદ્યાર્થીએ મને ' સાઈમાતા ' સંબોધન કેમ કર્યું ખબર છે? દસ વરસ પહેલાં એ અને એનો નાનો ભાઈ એકદમ નાનાં હતા, ત્યારે એની મમ્મીને સ્ટ્રેચર પર હિમાલય પ્રદેશમાંથી વૃંદાવન લાવવામાં આવ્યા. અતિશય બીમારીની અવસ્થામાં રહેલી એ માતા સામે મેં આ બાળકોને મારી પાસે લઈને કહ્યું, '' આજથી આ બાળકો મારા છે! તું ચિંતા ન કરીશ,'' આ સાંભળતા જ તે માતા ધન્ય થઈ ગઈ. ત્યાર પછી તેનું દેહાવસાન થયું. બાળકોના પિતા અહીં ખૂબ જ ઓછા આવે છે. બધાએ તેમને સ્વામીના હવાલે કર્યા.

આ બાળકો અહીંની શાળા (સ્કૂલ) માં જવા લાગ્યા. જ્યારે તે પાંચ વર્ષનો હતો, ત્યારે પહેલીમાં ભણનાર આ બાળકને લઈને મહિલા વોર્ડન એક દિવસ મારી પાસે આવી અને કહેવા લાગી-' આને મમ્મીની યાદ આવે છે. એ જમતો નથી, અને સતત રડ્યા કરે છે. ' આ સાંભળતા જ હું એને મુલાકાતની રૂમમાં લઈ ગયો અને એક વીંટી ઉદ્દભવ કરી આપી. એને આનંદિત રાખવા માટે અનેક ઉપાયો કર્યાં. તે ક્ષણથી એ દુ:ખ ભૂલી ગયો. પ્રસન્નચિત્ત થયો. કારણ સ્વામીનો પ્રેમ એક માતાનો નથી પણ હજાર માતાઓનો છે. પરંતુ આપણને તે સમજાતું નથી

એટલે જ આપણામાંના કેટલાક લોકો કહે છે કે સ્વામીએ અમારી તરફ જોયું નહીં, અમારી સાથે બોલ્યા નહીં.

આ તો ક્વળ એક ઉદાહરણ થયું. આજે વિશ્વના ઉંમરમાં મોટા એવા અસંખ્ય માણસો એ સ્વામીના બાળકો જ છે; જેમની સંભાળ સ્વામી માતાની મમતાથી કરે છે.

બે વર્ષ પહેલાંની આ વાત. પિતાના મૃત્યુ પછી એક મધ્યમ વયના ગૃહસ્થ સ્વામીના દર્શન માટે ગયા હતા. દર્શન માટે પહેલી લાઈનમાં બેઠેલા હતા, ત્યારે સ્વામી સામેથી આવ્યા. જેમ સ્વામી પાસે આવતા ગયા, તેમ એમને પિતાની યાદ આવવા લાગી અને આંખોમાં અશ્રુ વહેવા માંડયા. સ્વામી એમની પાસે આવ્યા અને પ્રેમથી બોલ્યા" રડીશ નહીં, માતાની સેવા કર " (Do not cry serve your mother.) તે ક્ષણથી પિતાના વિયોગથી એમને થયેલું દુ:ખ હલકું થયું; એ જાણી ને કે આ સાઈપિતાની કૃપાદષ્ટિ તેમની ઉપર હંમેશાં છે.

સ્વામી કહે છે-"તમારા ઉ

પર તમારા માતાપિતાના પ્રેમ પાછળ સ્વાર્થ હોઈ શકે છે, પરંતુ આ સાઈ માતા અને પિતા તમારી ઉપર દયાનો વર્ષાવ કરે છે તે કેવળ, આત્મસાક્ષાત્કાર મેળવવા માટે. તમારા જે પ્રયત્નો ચાલુ છે તેમાં તમને વિજયી બનાવવા માટે!"

|| ૐ શ્રી સત્ય સાઈનાથાર્પણમસ્તુ ||